॥ अथ श्री भगवद्गीता ॥

तथा

उत्तर गीता प्रारंभ.



। अथ उत्तरगीता प्रारम्भः ।

મૂળ શ્લોક તથા ગુજરાતિ ભાષાન્તર સાથે

યથાર્થ યોજનાર.

૬૮૫૫

પ. ૨. દ્વિવેદી.

ઉપોદ્ઘાત.

આ પુસ્તક આજથી આશરે બત્રીશ વર્ષ ઉપર બંગાળી ભાષામાં પ્રસિદ્ધ થયેલું હતું. ત્યાર પછી આશરે ત્રીશેક વર્ષ ઉપર હિન્દુસ્તાની બાપાંતર સાથે પ્રકાશમાં પ્રસિદ્ધ થયેલું પણ તે અંધુના અપ્રાપ્ય છે, બાદ થિઓસોફીકલ સોસાયટી દ્વારાએ પુસ્તકનું અંગ્રેજી ભાષાંતર થયેલું છે. સદર્હું અંગ્રેજી ભાષાન્તર મૂળ શ્લોક વિનાનું હોવાથી જીજ્ઞાસુ સદ્ગ્રહસ્થોને મૂળ શ્લોક

વાંચવા આકાંક્ષા રહેછે માટે ગુર્જર સ્વર્ગને આ પુસ્તક મારી અલ્પગતિ અનુસાર ધારતાં નવિન હોવાથી તેમની સાનિધ્ય તેમના ઉપિયોગાર્થે મૂકતાં એ પુસ્તક સર્વ ગુર્જર વર્ગને વિજ્ઞાપના પૂર્વક અર્પણ કરૂંછું. આ પુસ્તકનું મરાહીઓ વિશદ્ધ ભાષાન્તર પ્રાપ્ય છતાં તે ગુર્જર સ્વર્ગને સમજવા કઠણ હોવાથી આ લઘુ પુસ્તક પ્રસિદ્ધ થઇ ગુર્જર વર્ગના ઉપિયોગમાં આવે એવી મારી આકાંક્ષાછે.

દેશાઇવાડ-ઓરપાડ.

શેવક.
પ. ર. દ્વિવેદી.
ઠે. સબજજજ કોર્ટ.
ઓરપાડ.

આ ચોપડીનો હક અમદાવાદવાળા મગનલાલ દેવચંદને આપ્યો છે. તા. ૧૪—૮—૯૫.

P. R. Divadi.

॥ अथ श्री भगवद्गीता ॥

॥ उत्तरगीता प्रारंभ ॥

ओ तो सर्व मान्य छे के कुरुक्षेत्रमां पाण्डवकौरवनी वच्चे थयला युद्धना आरंभमां श्रीकृष्ण भगवाने अर्जुनने जे श्री-**मद्भगवद्गीता**ना बोधथी आत्मतत्वनो उपदेश कर्यो हतो ते उपदेश कुरुक्षेत्रना युद्धमां जय पाम्या पछी राज्य भोगासक्त थ-वाथी अर्जुन भूली गयो तेथी केटलोक समय विता पछी अ-र्जुनने पाछुं भान आववाथी श्रीकृष्ण चन्द्रने पूछवा लाग्यो के हे केशव ! जे ज्ञाननी प्राप्ति द्वारा जीव तरतज मुक्त थाय ते आ-

તત્વજ્ઞાનના ઉપદેશનું સ્વરૂપ તથા લક્ષણ કેવા પ્રકારનું છે તે હું જે આપને શરણેછું તેને આપ કૃપા કરીને કહેા.

यदेकनिष्कलंब्रह्मंव्योमाततिंनिरञ्जनम् ।
अप्रतर्क्यमविज्ञेयंविनाशोत्पत्तिवर्जितम् ॥ १ ॥
कैवल्यंकेवलंशान्तंशुद्धमत्यन्तनिर्मलम्
कारणंयोगानिर्मुक्तंहेतुसाधनवर्जितम् ॥ २ ॥
हृदयाम्बुजमध्यस्थंज्ञानज्ञेयस्वरूपकम्
तत्क्षणादेवमुच्येतयज्ञानाद्ब्रुहिकेशव ॥ ३ ॥

જે એક અર્થાત્ સ્વજાતિભેદ રહિત નિષ્કલંક અર્થાત્ નિરાકાર, આકાશ, વાયુ અગ્નિ, જળ, અથવા પૃથ્વી, શબ્દ, સ્પર્ષ,

રૂપ, રસ, અથવા ગન્ધ, શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, જીભ, નાસિકા, અથવા વાણી, પાદ, પાયુ, ઉપસ્થ, પ્રકૃતિ, મૃત, બુદ્ધિ, તથા અહંકાર એ ચોવીસ તત્વોથી ભિન્ન, નિરંજન અર્થાત્ સ્વપ્રકાશ, તથા અપ્રતર્ક્ય એટલે મનોગોચર છે. તથા શ્રુતિ આદિથી પણ એમજ સિદ્ધ થાય છે કેઃ—

यन्मनसानमनुते । અર્થાત્ મનમાં પણ જેનું ચિન્તવન થઇ શકતું નથી તથા અવિજ્ઞેય અર્થાત્ પ્રમાણોનો પણ જે વિષય નથી કારણ શ્રુતિમાં કહ્યું છે કેઃ—

यद्वाचानमनुतेयतोवाचोनिवर्तन्ते । અર્થાત્ વાચા તથા મન એ બન્યો જેને પહોચવાને અશક્ત છે તેથી મન તથા વાણીથી પણ નિવૃત્ત છે તથા ઉત્પત્તિ અને નાશ રહિત એટલે સદા સર્વદા સ્થિત છે, કૈવલ્ય સ્વરૂપ મુક્તિ સ્વરૂપ, શાન્ત, શુ-

ઙ, અત્યન્ત નિર્મળ છે, તથા યોગ નિર્મુક્ત અર્થાત્ વસ્તુભેદ અને સમ્બન્ધ રહિત હોવા છતાં પણ જગત્ના નિમિત્ત તથા ઉપાદાન કારણ રૂપ છે પરન્તુ નિત્યત્વહેતુ–જગત્ ઉત્પત્તિ હેતુમય, સ્વાતિરિક્ત, સાધન વર્જીત તથા લોકના નિયમાત્મક હોવાથી સર્વ પ્રાણીના હૃદયમાં જેનો વાસ છે તથા જ્ઞાન અર્થાત્ વિષય, પ્રકાશ, જ્ઞેય, અર્થાત્ વિષય, એવા જે પરમાત્મા તેનું હે કેશવ! વિશેષ લક્ષણ દ્વારા જ્ઞાન મને કહો.

साधुपृष्टंमहाबाहोबुद्धिमानसिपाण्डव ।
यन्माम्पृच्छसितत्त्वार्थमशेषन्तद्वदाम्यहम् ॥ ४ ॥

હે મહાબાહો! હે પાણ્ડુકુલ ચુડામણી! તારો આ સાધુતાનો પ્રશ્ન સાંભળી હું અત્યન્ત આહ્લાદિત થયો છું, કારણ

કે તું સુબુદ્ધિમાન હોવાથી એ આત્મ તત્વનો અર્થ વિશેષરૂપે હું તને કહું તે તું સાવધાન ચિત્તથી સાંભળ.

आत्ममन्त्रस्यहंसस्यपरस्पपरसमन्वयात् ।
योगेनगतकामानाम्भावनाब्रह्मउच्यते ॥ ૯ ॥

આત્મમંત્ર અર્થાત્ પ્રણવાત્મક જે મંત્ર છે તે મંત્રનો તાત્પર્ય વિષય જે હંસ અર્થાત્ પરમાત્માછે તેનો આ પ્રણવાત્મક મંત્ર સહિત પ્રતિપાદ્ય તથા પ્રતિપાદક ભાવસંસર્ગહેતુવડે આત્મતત્વ વિચારને અર્થે યોગદ્વારા કામાદિ ષડ્રિપુઓનો જેણે પરાજય કર્યો છે તેની જે ભાવન અર્થાત્ । **तत्वमसि** । એ મહા વાક્ય જેણે સમ્પૂર્ણ રીતે જાણ્યું છે અને જે જાણવાથી જેની સર્વ વૃત્તિ શૂન્યાકાર થઇ જાય છે તે વૃત્તિદ્વારા

अविधानी જે નિવૃત્તિ થવી તેનું નામ **બ્રહ્મ** કહેવાય છે.

शरीरिनामजस्यान्तंहंसत्वंपारदर्शनम् ।
हंसोहंसांक्षरश्चैतत्कटस्थंयत्तदक्षरम् ।
यद्विद्वानक्षरंप्राप्यजह्यन्मरणजन्मनी ॥ ६ ॥

જીવની અવધિ-હંસત્વ અર્થાત્ પરબ્રહ્મ સ્વરૂપત્વ છે જેને સર્વલોક **જ્ઞાન** એવા નામથી જાણે છે તથા **હંસ** અર્થાત્ **બ્રહ્મ** તથા **પ્રણવ** અર્થાત્ **જીવ** એ બંને સાક્ષીભૂત જે છે તેને **અક્ષર** કહે છે. જીવને જ્યારે ત્રિવિધિતાપ અસન્ત સહન કરવો પડે છે ત્યારે એ **અક્ષર** આપોઆપ તેને માલમ પડી આવે છે. એ **અક્ષર** વિવેકી, વિદ્વાન્ તથા સાધુ પુરૂષ જેને પ્રાપ્ત થાયછે તે જન્મમરણરૂપ સંસારના બન્ધનથી મુક્ત થાય છે.

काकीमुखककारान्तोऽकारश्चेतनाकृतिः ।
अकारस्यचलुप्तस्यकोऽन्वर्थःप्रतिपद्यते ॥ ७ ॥

क નો શબ્દાર્થ સુખ–થાય છે; તથા **અ** નો શબ્દાર્થ દુઃખ થાય છે. એ બન્યોને સહન કરનારને **काकी** અર્થાત્ **જીવ** કહે છે. એ **काकी** શબ્દના આદ્યાક્ષરમાં જે **ककार** છે તથા અન્તમાં જે **अकार** છે તે **अकार** ને જીવાકાર ની પેઠે **બ્રહ્મ** નો બતાવનાર જાણવો અર્થાત્ એ **अकार** ને **બ્રહ્મ** ની ચેતનાકૃતિમય પ્રકૃતિનું મૂળ જાણવું. અને જ્યારે એ **अकार** નો લોપ થાય ત્યારે કેવળ **ककार** વર્ણ માત્ર રહી જાય છે. એજ **ककार** વર્ણ અખંડ, અદ્વિતીય, તથા મહાનન્દ સ્વરૂપાર્થ **બ્રહ્મ** છે. એ પ્રમાણે જ્યારે બરાબર અનુભવ થાય છે

ત્યારે જીવન્મુક્ત સ્વરૂપની પ્રાપ્તિ થાય છે.

આ બ્રહ્માણ્ડ **ककार** નો અન્તકાર જે **अकार** અર્થાત્ મૂળ પ્રકૃતિ છે તે મૂળ પ્રકૃતિનો પ્રતિપાદ્ય જે બ્રહ્મ છે તેજ **ब्रह्म** રૂપ તું **छ**. એ રીતે **अकार** નો અર્થ જે ચિદાનન્દમય છે તે ચિદાનન્દમય સ્વરૂપ રહી જાય છે અને આ પ્રમાણે અનુભવ થવાથી આ ચિદાનન્દમય સ્વરૂપની પ્રાપ્તી થાય છે.

गच्छस्तिष्ठन्सदाकालम्वाव्युस्वीकरणंपरम् ।
सर्वकालप्रयागेनसहस्रायुर्भवन्नरः ॥ ८ ॥

જે મનુષ્ય હાલતાં ચાલતાં અથવા સ્થિર સ્થિતિમાં અર્થાત્ હમેશાં વિશેષે કરીને **प्राणायाम** એટલે શ્વાસ પ્રશ્વાસને શરિરના મધ્ય ભાગમાં ધારણ કરવામાં દક્ષ થાય છે તે મનુ-

બ્યનું આયુષ્ય એક હજાર વર્ષનું થાય છે.

यावत्पश्येत्खगाकारंतद्दाकारंविचिन्तये ।

खमध्येकुरुचात्मानमात्ममध्येचखंकुरु ।

आत्मानंखमयंकृत्वानकिञ्चिदपिचिन्तयेत् ॥ ९ ॥

ખગાકાર અર્થાત્ હંસરૂપ બ્રહ્મનો સાક્ષાત્કાર કરવાની ઇચ્છા થાય ત્યાં લગી બ્રહ્મના તદાકાર રૂપનું ચિન્તવન કરતા રહેવું અર્થાત્ હંસરૂપ બ્રહ્મની ભાવના કરતા રહેવું. પછી પાંચ પ્રકારના ધ્યાનદ્વારા બ્રહ્મના સાક્ષાત્કાર અર્થે **आत्मा** તથા **जगत्** એ બન્નેનું અભેદરૂપે ધ્યાન ધરવું. ત્યાર પછી **ख** મધ્યે એટલે **सुषुम्ना** નાડીના મધ્યમાં જે **चित्रिणी** નાડી છે તે નાડીના મધ્યમાં આત્માનું સ્થાપન કરવું, અર્થાત્ આત્મા સર્વ

શક્તિમાન છે એવી ભાવના કરવી. પછી એ આત્મામાં આકાશની ભાવના કરવી. સાધકને ઉચિત છે કે આત્માને આકાશમય અથવા જીવમય જાણી જીવાત્મા તથા પરમાત્મા એ બંન્નેને અભેદ જાણીને સર્વ ચિન્તાનો ત્યાગ કરવો.

स्थिरबुद्धिरसंमूढोब्रह्मविद्ब्रह्मणिस्थिता ।
विहिर्व्योमिस्थितंनित्यंनासाग्रेचव्यवस्थितम् ।
निष्कलंकंतंविजानीयात्श्वासोयत्रलयंगतः ॥१०॥

બ્રહ્મવિદ્ પુરૂષ પૂર્વોક્ત પ્રકારે યોગ ધારણ કરી બ્રહ્મજ્ઞાની થઇને નિશ્ચલ એવું જે જ્ઞાન તેનાથી અજ્ઞાન વિનાનો થઇ સદા બ્રહ્મનિષ્ઠ થાયછે. પછી જે નાસિકામાં શ્વાસ વાયુનો લય થાય છે તે નાસિકાના અગ્ર ભાગમાં જે બહિરાકાશ છે તે

આકાશમાં ઋષને જાણવાનો તે પ્રયત્ન કરેછે.

पुटद्वयाविनिर्मुक्तोवायुर्यत्रविलीयते ।
तत्रसंस्थम्मनःकृत्वातंध्यायेत्पार्थमीश्वरम् ॥११॥

નાસિકાનાં બને છિદ્રદ્વારા શ્વાસ વાયુ જ્યારે નિર્ગત થાય ત્યારે જ્યાંથી શ્વાસ વાયુનો લય થયો હોય ત્યાં મનનું સ્થાપન કરી પરમ પરાત્પર ઇશ્વરનું બહુ બહુ પ્રકારે ધ્યાન ધરવાથી મન નિશ્ચલ એટલે સ્થિર થાય છે.

निर्मलंतंविजानीयात्षडर्मिरहितंशिवम् ।
प्रभाशून्यम्मनःशून्यम्बुद्धिशून्यंनिरामयम् ॥१२॥

એ જ્યોતિર્મય પરમાત્માને છ ઉર્મિ રહિત અર્થાત્ સંકલ્પ, વિકલ્પ આદિરહિત તથા મંગળરૂપ અને નિર્મળ અર્થાત્ ચૈ-

તન્યાત્મક જાણી તેનું ધ્યાન ધરવું. પરન્તુ એ પરમાત્મા પ્રભાશૂન્ય, મનઃશૂન્ય–મનના મેલરહિત, આસક્તિ રહિત તથા નિર્ધ્યાન જ છે.

सर्वशून्यंनिराभासंसमाधिस्तस्यलक्षणम् ।
त्रिशून्यम्योविजानियात्सतमुच्येतबन्धनात् ॥१३॥

નિરાભાસ–ભ્રમ રહિત સર્વશૂન્ય–સ્વાનુભવેલી સર્વ વસ્તુને મિથ્યા જાણી આનન્દૈક રસ જે બ્રહ્મ તેના ધ્યાનને સમાધિ કહે છે. જે પુરૂષ એ પ્રમાણે સમાધિસ્થ થાય છે તે આ સંસાર બન્ધનથી મુક્ત થાય છે, એવું સમાધિનું લક્ષણ છે.

स्वयमुच्चलितेदेहेदेहीन्यस्तसमाधिना ।
निश्चलंतंविजानीयात्समधिस्थस्यलक्षणम् ॥१४॥

આ પંચમહાભૂતાત્મક શરિરનો અનાદિ પ્રારબ્ધ કર્મને લાધે તથા અનાદિ કાળથી કર્મ કર્યાં કરે છે તેથી દેહી-જીવ નિશ્ચલ સમાધિ યોગદ્વારા નિશ્ચળરૂપે પરમાત્માને જાણે છે. એ પ્રમાણે જ્ઞાન થવું એ સમાધિ સ્થિત-આત્મયોગી પુરૂષનું લક્ષણ છે.

अमात्रंशब्दरहितंस्वरव्यंजनवर्जितम् ।

बिन्दुनादकलातीतंयस्तंवेदसवेदवित् ॥ १८ ॥

જે પુરૂષ આત્માને, માત્રા રહિત, એટલે હ્રસ્વ, દીર્ઘ, પ્લૂત રહિત, સ્વર, વ્યંજનાત્મક પચાશ વર્ણાતીત, બિન્દુ-અનુસ્વર, નાદ, કે, કળા એ ત્રણેથી પર એટલે ભિન્ન જાણે છે તે સર્વ વેદાન્તના તાત્પર્યને જાણે છે.

प्राप्तेज्ञानेनविज्ञानेज्ञेयश्चहृदिसंस्थिते ।

लब्धशान्तिपदेदेहेनयोगोनैवधारणम् ॥ १६ ॥

સદ્ગુરૂ ઉપદેશ દ્વારા વિજ્ઞાનની ઉત્પત્તિ થાય છે, એ વિ-જ્ઞાન એટલે અનુભવાત્મક જ્ઞાન દ્વારા જ્ઞેયનો લાભ થાય છે; એ જ્ઞેય–સર્વ વેદાન્ત તાત્પર્ય ગોચર જે સચ્ચિદાત્મા તેનું હૃદ-ય કમળમાં ધ્યાન ધરવાથી શરિરમાં શાન્તિ થાય છે. એવી શાન્તિ થવાથી યોગાભ્યાસ તથા પ્રાણાયામ–પ્રાણાદિપારણાની પછી વૃત્તિ રહેતી નથી, જેવી રીતે ફળ સિદ્ધ થયા પછી તેના કારણનું કાંઇ પ્રયોજન રહેતું નથી તેમ.

योवेदादौस्वरःप्रोक्तोवेदान्तेचप्रतिष्ठितः ।
तस्यप्रकृतिलीनस्ययःपरःसमहेश्वरः ॥ १७ ॥

વેદના આદિ, મધ્ય તથા અન્તમાં ઓંકારાત્મક જે સ્વર

ઉચ્ચારણ થાય છે તે પ્રકૃતિ લીન પ્રણવથી પર વાક્યતુષ્ય શબ્દ બોધક જે શક્તિ તેનું નામ મહેશ્વર અર્થાત્ આત્મ તત્વજ્ઞાની છે. એનો વ્યતિરિક્ત-એનાથી પર અન્ય કાંઇ નથી.

એ સર્વ નીચેના દૃષ્ટાન્ત દ્વારા પ્રગટ કરે છે.

नावार्थाहिभवेत्तावद्यावत्पारंनगच्छति ।
उत्तीर्णेतुसरित्पारेनावकाकिम्प्रयोजनम् ॥ १८ ॥

મનુષ્ય જ્યાં લગી નદીને સામે પાર ન જાય ત્યાં લગી તે હોડીની ઇચ્છા રાખે છે પણ નદીને સામે પાર ગયા પછી તેને હોડીનું કાંઇ પ્રયોજન રહેતું નથીઃ એજ પ્રમાણે જ્યાં લગી આત્મતત્વનો અપરોક્ષ અનુભવ થતો નથી ત્યાં લગી યોગાભ્યાસ તથા પ્રાણાયામ, ધારણ તથા ધ્યાન આદિવડે

એ અનુભવને માટે યત્ન કરવો જોઇએ અને જ્યારે પરમા- ત્માનો સાક્ષાત્કાર થાય છે ત્યારે એ યોગ, ધારણા તથા ધ્યાન આદિનું કાંઇ પ્રયોજન રહેતું નથી. ૧૮

ग्रन्थमभ्यस्यमेधावीज्ञानविज्ञानतत्परः ।
पलालमिवधान्यार्थीत्यजेद्ग्रन्थमशेषतः ॥ १८ ॥

બુદ્ધિમાન્ લોકો વેદાન્તાદિ ગ્રન્થોનો અભ્યાસ કરી જ્ઞાનમાં તત્પર થઇને સામાન્ય તથા વિશેષ જ્ઞાનનો અનુભવ કરે છે અને પછી ગ્રન્થ માત્રનો ત્યાગ કરેછે. જેવી રીતે અન્ન મે- ળવવાની ઇચ્છાવાળો પુરૂષ પ્રથમ છાલાં સહિત અન્નનું ગ્રહણ કરી છાલાં કહાડી નાખીને પછી છાલાં વનાના અન્નનું ગ્રહણ કરેછે તે । જ્ઞાન તથા વિજ્ઞાનાર્થી પુરૂષ જ્ઞાન તથા વિજ્ઞાનને

ધાન્યરૂપ અને ગ્રન્થાદિને છાલારૂપ જાણી તે ગ્રન્થોનો ત્યાગ કરેછે.

उल्काहस्तोयथाकश्चित्द्रव्यमालोक्यतांत्यजेत् ।
ज्ञानेनज्ञेयमालोक्यज्ञानंपश्चात्परित्यजेत् ॥ २० ॥

અન્ધકારમાં રહેલો પુરૂષ દ્રવ્ય જોવાની ઇચ્છાથી દીવો હાથમાં રાખેછે પણ તે દ્રવ્ય જોયા પછી દીવો હાથમાંથી મૂકી દેછે તેમ અવિદ્યારૂપ અન્ધકારમાં રહેલો પુરૂષ અલ્પદર્શનાભિલાષિ સાધુ જ્ઞાનરૂપી છાલાં દ્વારા સચ્ચિદાત્માનું દર્શન કર્યા પછી જ્ઞાનની સાધનાનો ત્યાગ કરેછે.

यथामृतेनतृप्तस्यपयसाकिम्प्रयोजनम् ।
एवंतत्परमंज्ञात्वावेदेनास्तिप्रयोजनम् ॥ २१ ॥

જે પુરૂષ અમૃતપાન કરીને તૃપ્ત થાયછે તેને પછી દૂધ

પીવાનું કાંઇ પ્રયોજન રહેતું નથી તેમ પરમ પદાર્થ એવા બ્ર-
હ્મને જણ્યા પછી વેદાન્ત આદિનું કાંઇ પ્રયોજન રહેતું નથી.

વેદાન્ત જ્ઞાનીઓને વિધિનિષેધ આદિ કર્તવ્યાકર્તવ્ય કર્મ
કાંઇ બન્ધન યુક્ત નથી એ વાત શ્રીકૃષ્ણ ચન્દ્ર અર્જુનને કહેછે.

ज्ञानामृतेनतृप्तस्यकृतकृतस्ययोगिनः ।
नचास्तिकिञ्चित्कर्तव्यमस्तिचेन्नसतत्ववित् ॥२२॥

જે પુરૂષ જ્ઞાનામૃતવડે તૃપ્ત થયો છે તથા જેને બ્રહ્મનો
સાક્ષાત્કાર થયો છે તે આત્મતત્વ યોગીને કાંઇ પણ કર્મ વિ-
ધિયુક્ત-વા-વિધિનિષેધ નથી. એનો કેવળ લોકને સારૂ કાંઇ
વિશેષ કર્માનુષ્ઠાન કરેછે અને જે કાંઇ અભિલાષાથી વિધિનિ-
ષેધ આદિ કર્મ કરે તે કદી તત્વજ્ઞાની કહેવાય નહીં. હે બન્ધુ,

તત્વજ્ઞાની કહેવડાવવા સારૂ બ્રહ્મની પ્રાપ્તિ થતા પહેલાં કર્મનો કદી ત્યાગ કરવો નહીં કેમકે એથી દોષ યુક્ત થવાથી કદી બ્રહ્મની પ્રાપ્તિ થવાની નથી. ૨૨

तैलधारामिवाच्छिन्नंदीर्घघण्टानिनादवत् ।
अवाच्यम्प्रणवव्यङ्ग्यस्तंवदसत्यदावत् ॥ २३ ॥

વેદનો અર્થ જાણ્યા વિના માત્ર વેદ પાઠથી વેદજ્ઞ થવાતું નથી કારણ કે વેદનો અર્થ તથા તાત્પર્યને બ્રહ્મજ્ઞાન છે તે જાણવાથીજ વેદજ્ઞ થવાય છે, અને જે અવિચ્છિન્ન જળધારા તથા દીર્ઘ ઘણટાની પેઠે અવિચ્છિન્ન તથા અવાચ્ય એવા પ્રણવદ્વારા બ્રહ્મને જાણે છે તેજ વેદજ્ઞ કહેવાય છે.

आत्मानमरणंकृत्वाप्रणवन्चोत्तराराणम् ।

ધ્યાનનિર્મથનાભ્યાસાદેવમ્પશ્યેન્નિગૂઢવત્ ॥ ૨૪ ॥

જીવાત્માને અરણિના કાષ્ટરૂપ તથા ઓંકાર પ્રણવને અરણિના અન્ય કાષ્ટરૂપ જાણી ધ્યાનરૂપ મન્થન કરી સ્વપુન્યદ્વારા પાણ્ડિત્ય તથા અહંકાર રહિત થઇને જે પુરૂષ અવસ્થિત થાય છે તેજ બ્રહ્મનું દર્શન કરીશકે છે.

તાદૃશંપરમંરૂપંસ્મરેત્પાર્થાનન્યધી ।
વિધુમાગ્નિનિભંદેવંપશ્યેદ્યત્યન્તનિર્મલમ્ ॥ ૨૫ ॥

હે પાર્થ ! અત્યન્ત નિર્મલ, તથા સ્વ પ્રકાશ પરમાત્માનું અતિ પ્રદિપ્ત ધૂમાગ્નિની પેઠે દર્શન ન થાય ત્યાં લગી તેનું એકાગ્ર ચિત્તથી સ્મરણ કરવું અવશ્ય છે.

દૂરસ્થોપિનદૂરસ્થઃપિણ્ડસ્થઃપિણ્ડવર્જિતઃ ॥

विमलःसर्वदादेहीसर्वव्यापिनिरञ्जनः ॥ २६ ॥

પરમાત્માથી જીવાત્મા દૂર છતાં પણ તેની સાથેના પોતાના સમ્બન્ધને લીધે જીવાત્મા, પરમાત્માથી દૂર નથી, તેમજ શરિરમાં રહ્યા છતાં પણ શરીરના અધ્યાસથી રહિત છે. એટલા માટેજ એ અતિ નિર્મળ, સર્વ વ્યાપિ તથા સ્વ પ્રકાશમાન હોવાથી એ જીવાત્મામાં પરમાત્માની ભાવના કરવી.

कायस्थोऽपिनकायस्थःकायस्थोऽपिनजायते ।
कायस्थोऽपिनभुञ्जानःकायस्थोऽपिनबध्यते ॥२७॥

શરિરના અધ્યાસવાળો હોવા છતાં જીવાત્મા શરિરના નિમિત્તથી બન્ધન રહિત છે; વળી એ ભોગ સાધન યુક્ત હોવા છતાં પણ અન્નમા છે; તથા બન્ધના હેતુરૂપ આ દે-

હુમાં એ જીવાત્મા હોવા છતાં પણ સંસારના સર્વ બન્ધનોથી રહિત છે.

तिलमध्येयथातैलंक्षीरमध्येयथाघृतम् ।
पुष्पमध्येयथागन्धःफलमध्येयथारसः ।
काष्ठाग्निवत्प्रकाशेतआकाशेवायुवच्छरेत् ॥ २८ ॥

તલમાં જેમ નિર્મળ તેલ, ક્ષીરમાં જેમ પવિત્ર એવું ઘી, પુષ્પમાં જેમ આનન્દમય સુગન્ધ, ફળમાં જેમ સુસ્વાદ, તથા વનમાં કાષ્ટના સંયોગદ્વારા અગ્નિ ઉત્પન્ન થઇ સમસ્ત અરણ્યને તે ભસ્મ કરે છે તેમ આત્મા પંચકોશાત્મ દેહમાં રહ્યા છતાં પણ સમ્પૂર્ણ દેહાધ્યાસનો ત્યાગ કરીને સ્વયં પ્રકાશમાન રહેછે.

यथासर्वगतोदेहीदेहमध्येव्यवस्थितः ।

मनस्थोदेहिनांदेवोमनोमध्येव्यवास्थितः ॥ २९ ॥

જેમ સર્વતલગાંથી એકજ રૂપનું તેલ નીકળે છે તેમ જૂદા જૂદા દેહમાં જીવ વાસવાસ કરતો છતાં પણ એકત્વરૂપવાળો છે. તથા આપ્યા શરીરમાં, મનમાં રહેલો જે ઇશ્વર છે, તેજ મનોમય સાક્ષીરૂપે છે.

मनस्थंमनमध्यस्थंमनस्थंमनवार्जितम् ।

मनसामनआलोक्यस्वयंसिध्यन्तियोगिनः ॥३०॥

મનોવચ્છિન્ન, મનનો સાક્ષિભૂત, સંકલ્પ વિકલ્પ રહિત, તથા અન્તઃકરણના અવરોધાત્મક જે ચિદાત્મા છે તેનુ યોગી લોક પોતાના અન્તઃકરણ દ્વારા અવલોકન કરી મુક્ત થાય છે.

યુક્તોક્ત સ્વતઃસિદ્ધ સમાધિસ્થયોગીના લક્ષણનું વર્ણન હવે

શ્રીકૃષ્ણ પરમાત્મા અર્જુનને કહે છે.

आकाशंमानशंकृत्वामनःकृत्वानिरास्पदम् ।
निश्चलन्तंविजानीयात्समाधिस्थस्यलक्षणम् ॥३१॥

જેનું અન્તઃકરણ આકાશના જેવું નિર્મળ, તથા જેનું મન સર્વ વિષય વાસનાથી નિઃસંગ-રહિત છે તેને નિષ્કૃષ્ટ તથા નિશ્ચલ એવા સચ્ચિદાનન્દ પરમાત્માનું જ્ઞાન થાય છે અને તેજ સમાધિસ્થ છે.

સમાધિસ્થ તથા યોગારૂઢ થવાની ઇચ્છાવાળા યોગીને વર્તવાના ઉપાય હવે શ્રીકૃષ્ણ પરમાત્મા કહે છે.

योगामृतरसंपीत्वावायुभक्ष्यःसदासुखी ।
यंसमभ्यस्यतेनित्यंसमाधिमृत्युनाशकृत् ॥३२॥

જે પુરૂષ યમાદિ અષ્ટાંગ યોગ–યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા, યમ તથા ધૃતિ એ આઠ પ્રકારના યોગરૂપ અમૃતનું પાન કરે છે તથા માત્ર વાયુનોજ આહાર કરીને સદાસુખી તથા સંતોષિ રહે છે, અને મનોનિગ્રહ કરવાનો અભ્યાસ નિત્યમેવ રાખે છે તેવા પુરૂષ જન્મમરણાદિ સંસારિક વિષયોનો નાશ કરે છે. એવાજ પુરૂષો સમાધિસ્થ કહેવા યોગ્ય છે.

ઉર્ધ્વશૂન્યમધઃશૂન્યંમધ્યશૂન્યંયદાત્મકમ્ ।
સર્વશૂન્યંસઆત્મોતિસમાધિસ્થસ્યલક્ષણમ્ ॥ ૩૩॥

ઉંચે, નિચે, તથા મધ્ય, દેશકાલાદિ પરિચ્છેદ રહિત જે સ્વરૂપમય આત્મા છે તેજસ્વરૂપની ભાવના જે મનુષ્ય રાખે છે

તેજ સમાધિરૂપ જાણવો. એ પ્રકારની આત્માની ભાવનાને નિરાલમ્બ સમાધિનું લક્ષણ જાણવું.

शून्यभावितभावात्मापुण्यपापैःप्रमुच्यते ॥ ३४ ॥

યોગિયોને પરમાત્માના વ્યતિરિક્તપણા વિષે બીજી કાંઇ પણ ભાવના રહેતી નથી તેથી તેઓ પુણ્યપાપ અર્થાત્ વિધિનિષેધ આદિકર્મથી મુક્ત છે.

। अर्जुनउवाच ।

अदृश्येभावनानास्तिदृश्यमेतद्विनश्यती ।
अवर्णमीश्वरंब्रह्मकथंध्यायन्तियोगिनः ॥ ३५ ॥

અર્જુન પૂછે છે કે હે ભગવન્! અદૃશ્ય વસ્તુની ભાવના અસમ્ભવિત્ છે તેમજ દૃશ્યમાન જે જગદાદિ છે તે નાશવન્ત છે

ત્યારે યોગિયોનો રૂપાદિ રહિત તથા શબ્દાદિ ગોચર જે જગદાત્મા છે તેનું તેઓ કેવે પ્રકારે ધ્યાન ધરે છે તે આપ કૃપા કરીને કહો.

। श्रीभगवानउवाच ।

ऊर्ध्वपूर्णमधःपूर्णमध्यपूर्णम्यदात्मकम् ।
सर्वपूर्णसआत्मेतीसमाधिस्थस्यलक्षणम् ॥ ३६ ॥

જે ઊર્ધ્વ અધો તથા મધ્યદેશ અર્થાત્ સર્વત્ર પરિપૂર્ણ છે તેજ આત્મા છે તથા જે આત્માનું અદૃસ્ય રૂપવડે ધ્યાન ધરે છે તેજ સમાધિસ્થ કહેવાય છે અને એ પ્રકારની જે આત્મ ભાવના છે તેને સાલમ્બ સમાધિ કહે છે.

। अर्जुनउवाच ।

सालम्बस्याप्यनित्यत्वंनिरालम्बस्यशून्यता ।
उभयोरापिदोषित्वात्कथंध्यायन्तियोगिनः ॥३७॥

આત્મા સાકાર છે તો અનિત્ય છે, તથા જો નિરાકાર છે તો હે કૃષ્ણ ! યોગિલોક એ આત્માનું કેવે રૂપે ધ્યાન ધરે છે તે મારા સંદેહનું આપ નિવારણ કરો.

। श्रीभगवानउवाच ।

हृदयंनिर्मलंकृत्वाचिन्तइत्वाह्यनामयम् ।
अहमेकमिदंसर्वमितिपश्येत्परंसुखी ॥ ३८ ॥

હૃદયને નિર્મળ-રાગદ્વેષાદિજ્ઞાન વિરોધિ ગુણોથી રહિત કરી

સચ્ચિદાત્માની ભાવનાવાળો જે પુરૂષ ચરાચર બ્રહ્માણ્ડ સ્વરૂપને પોતાનામાંજ જુવે છે તે પરમ સુખી છે તથા તેજ સચ્ચિદાત્માનો બરાબર રીતે અનુભવ કરે છે.

। अर्जुनउवाच ।

अक्षराणिसमात्राणिसर्वेबिन्दःसमाश्रिताः ।
बिन्दुर्नादेनभिद्येतसनादःकेनभिद्यते ॥ ३९ ॥

અકાર આદિ સંપૂર્ણ અક્ષર માત્રા સહિત બિન્દુના આશ્રિત છે; એ બિન્દુ નાદ સમન્વિત છે, તથા એ નાદ કળાને આધિન છે, તો એ કળાદેાને આશ્રયે છે તે આપ મને કહેા.

। श्रीभगवानउवाच ।

अनाहतस्यशब्दस्यतस्यशब्दस्ययोध्वनिः ।

ध्वनिरन्तर्गतंज्योतिःज्योतिरन्तगतम्मनः ।
उन्मनोविलयंयातितद्विष्णोःपरमम्पदम् ॥४०॥

પરાવસ્થાપન્ન શબ્દના નાદની મધ્યે જ્યોતિછે. એ જ્યોતિના મધ્યમાં મન છે. એ મન જ્યારે બ્રહ્મમાં લય પામે છે. ત્યાં જે સ્થાનમાં એ મન લય પામે છે તે સ્થાનને વિષ્ણુનું પરમ પદ કહે છે.

ॐकारध्वनिनादेनषायोःसंहरणान्तिकम् ।
निरालम्बसमुद्दिश्ययत्रनादोलयङ्गतः ॥ ४१ ॥

ઓંકાર પ્રણવના નાદ સહિત વાયુની પૂરક સાથે રેચક ક્રિયાદ્વારા નિરાલમ્બ કરવો, અર્થાત્ નિર્વિશેષ બ્રહ્મનું લક્ષપૂર્વક ધ્યાન ધરવું. પછી એ બ્રહ્મમાં ઓંકાર ધ્વનીના નાદનો લય

કરવો. જો જીવનો જે સ્થાનમાં લય થાય તે સ્થાન વિષ્ણુનું પરમ પદ જાણવું.

। अर्जुनउवाच ।

मिश्रेपञ्चात्मकेदेहेगतेपञ्चमुपञ्चधा ।
प्राणेविमुक्तदेहेतुधर्माधर्मौकगच्छतः ॥ ४२ ॥

જ્યારે આ પંચભુતાત્મક દેહનો નાશ થાય છે ત્યારે એ પંચભૂત તથા એની સાથે મળેલા પંચ પ્રાણાદિ તથા પંચ-વાયુ આ દેહમાંથી છુટાં પડી જાય છે ત્યારે ધર્મ, અધર્મ– આ દેહદ્વારા થયલાં જે પાપ તથા પુણ્ય તે કયાં જાય છે તે હે ભગવન્! વિસ્તાર પૂર્વક કહો ?

। श्रीभगवानउवाच ।

धर्माधर्मौमनश्चैवपञ्चभूतानियानिच
इन्द्रियाणिचपञ्चैवयाश्चान्याःपञ्चदेवताः ।
ताश्चैवमनःसर्वेनित्यमेवाभिमानतः
जीवेनसहगच्छन्तियावत्तत्वनविन्दती ॥ ४३ ॥

ધર્મ, અધર્મ, મન, પૃથ્વી આદિ પંચમહાભૂત, ઇન્દ્રિય અભિમાની, દિશા આદિ અને વાસુ આદિ પાંચ દેવતા–દિશા, વાયુ, અર્ક, વરૂણ, તથા અશ્વનિકુમાર, એ પાંચ દેવતા જે અન્તર ઇન્દ્રિયદ્વારા નિત્ય અભિમાની છે, તે સર્વ, જ્યાં લગી તત્વનો લાભ થતો નથી ત્યાંલગી જીવના ઉપાધિયુક્ત લિંગ

શરીર લોડે ભમન કરે છે.

। अर्जुनउवाच ।

स्थावरञ्जङ्गमञ्चैवयत्किञ्चित्सचराचरम् ।
जीवाजीवेनसिध्यन्तिसजीवःकेनसिध्यती ॥४४॥

જીજ્ઞાસાવાળો થઇ અર્જુન પૂછે છે કે હે કેશવ! સ્થાવર જંગમ આદિ આ સચરાચર જગત માંહેની વસ્તુમાં સ્થૂળ દેહાભિમાની જે તેજસ છે તે દેહદ્વારા સકળ વિશ્વના અભિમાનનો તો ત્યાગ કરે છે પરન્તુ એ જીવ તેજસ્ અભિમાની શી રીતે થાય છે?

। श्रीभगवानउवाच ।

मुखनासिकयोर्मध्येप्राणःसञ्चरतेसदा ।

आकाशःपिबतीप्राणंसजीवःकेनजीवती ॥ ४૬ ॥

જ્યાં લગી પ્રાણવાયુ મુખ તથા નાસિકાગાં થકને અજપા મંત્રદ્વારા અહોનિશ—૨૧૬૦૦૧ વાર આવજા કર્યા કરે છે ત્યાંલગી આકાશ, પ્રાણવાયૂનું પાન કરે છે. અને જ્યારે આ દેહમાં જીવપણું નિવૃત્ત થાય છે ત્યારે જીવપણાનો નાશ થઇ બ્રહ્મતત્વની પ્રાપ્તિ થાય છે.

। अर्जुनउवाच ।

ब्रह्माण्डव्यापितंव्योमव्योम्नाचावेष्टितंजगत् ।
अन्तर्बहिस्ततोव्योमकथंदेवोमिरञ्जनः ॥ ४६ ॥

આકાશ જે સંપૂર્ણ બ્રહ્માણ્ડ વ્યાપક છે તેમાં જગત્ પણ વેરાયલું છે તેથી એ આ આકાશ જગતની અંદર તથા બ-

કાર એ બન્યો ઠેકાણે છે, તો, પરબ્રહ્મ પરમેશ્વર જે બ્રહ્મા-
ણ્ડોપાધિવાળો છે તે નિરંજન કેવી રીતે કહેવાય ?

। श्रीभगवानउवाच ।

अकाशोह्यवकाशश्चआकाशव्यापितञ्चयत् ।
आकाशस्यगुणःशब्दोनिःशब्दम्ब्रह्मउच्यते ॥४७॥

આકાશ અર્થાત્ મહાકાશ, તથા અવકાશ અર્થાત્ પરિ-
ચ્છિન્નાકાશ એ બંન્ને આકાશયુક્ત તન્માત્રા ભૂત શબ્દદ્વારા
વ્યાપ્ત છે, અર્થાત્ અવકાશનો ઉપાદાન હેતુ મહાકાશથી કાંઇ
જુદોજ છે. એજ કારણથી આકાશથી શબ્દોચ્ચાર થાય છે
અને જ્યારે શબ્દ ગુણ પરિણામના ઉપાદાનયુક્ત છે તો, એ
સિદ્ધ કરવું સર્વ મિથ્યા છે તથાપિ બ્રહ્મ તો નિઃશબ્દયુક્ત,

કેવળ સત્ય તથા નિરંજન સિદ્ધજ છે.

इन्द्रियाणांनिरोधेनदेहेपश्यन्तिमानवाः ।
देहेनष्टेकुतोबुद्धिर्बुद्धिनाशेकुतोऽज्ञता ॥ ४८ ॥

યોગિ લોક ઇન્દ્રિયોનો નિરોધ કરીને આ દેહે આત્માનું દર્શન કરે છે, એટલા માટે જ્ઞાનની ઇચ્છા રાખનારા પુરૂષે આ શરિરનું સંરક્ષણ કરવું અવશ્ય છે; કારણ કે આ શરિરનો નાશ થવાથી જ્ઞાનનો નાશ થાય છે, અને જ્ઞાનનો નાશ થયો તો પછી અપરોક્ષ જ્ઞાન થી રીતે પાપ્ત થઇ શકે ?

। अर्जुनउवाच ।

दन्तोष्ठतालुजिह्वानामास्यदंयत्रदृश्यते ।

अक्षरत्वंकुतस्तेषांक्षरत्वंवर्ततेसदा ॥ ४९ ॥

અર્જુન પૂછે છે હે ભગવન્! આ સર્વ લોક, દાન્ત, હોઠ, તાલુ, જીભ, આદિના આશ્રયથી ઉત્પન્ન થયાં છે, એઓને નાશ રહિત શી રીતે કહી શકાય ? કેમકે એ તો સદૈવ નાશવન્તજ છે.

। श्रीभगवानउवाच ।

अघोषमव्यंजनमस्वरञ्चअतालुकण्ठोष्ठमनासिकञ्च ।
अरेखजातंपरमुष्मवर्जितंतदक्षरंनक्षरतेकथञ्चित् ५०

હે અર્જુન ! વ્યાકરણ સંજ્ઞા–વ્યાકરણના વર્ણોચ્ચાર પર્યન્ત ભિન્ન ભિન્ન નાદ, સ્વર તથા વ્યંજનયુક્ત એ અક્ષરોના વર્ણોચ્ચારના સ્થાન–તાલુ, દન્ત, કણ્ઠ, નાક, આદિ આઠ પ્રકારના છે તેનો સાધ્ય જે અરેખજાત–વર્ણ વ્યંજન રેખા,

સમૂહાતીત, તથા ઉષ્મવર્જીત એટલે શ, ષ, સ, હકારયુક્ત જે વ્યાકરણની સંજ્ઞા–તેનાથી ભિન્ન જે અક્ષ છે તેનો કોઇ પણ પ્રકારે ક્ષય થતો નથી તથાપિ **ककार** આદિ અક્ષરોના (અક્ષરપણા વિશે કાંઇ અત્રે કહેવાનું નથી એટલે કે એ અક્ષરોના) અભાવરૂપે અભાવરૂપે જે અક્ષ તેને અક્ષર અર્થાત્ ક્ષય રહિત જાણવો.

। अर्जुनउवाच ।

ज्ञात्वासर्वगतंब्रह्मसर्वभूताधिवासिनम् ।
इन्द्रियाणांनिरोधेनकथंसिध्यन्तियोगिनः ॥૬૧॥

હે ભગવન્! યોગી લોક, ઇન્દ્રિયોના સંયમદ્વારા જે અક્ષ સર્વ ભૂત પ્રાણીઓમાં અન્તર્યામી રૂપે રહેલો છે તથા સર્વ

જેવામાં અન્દર નૃથા બહાર પરિપૂર્ણ છે તેને જાણીને કઈ રીતે મુક્ત થાય છે તે કૃપા કરીને કહેા ?

। श्रीभगवानउवाच ।

इन्द्रियाणांनिरोधेनदेहेपश्यन्निमानवाः ।
देहेनष्टेकुतोबुद्धिर्विद्धिनाशेकुतोज्ञता ॥ ૬૨ ॥

હે અર્જુન ! યોગિયો ઇન્દ્રિયોનો નિરોધ કરીને પોતાના શરીરમાંજ આત્માનું દર્શન કરે છે. શરિરત્વનો નાશ એજ જ્ઞાનનો ઉપાય છે. પણ એ દેહ નષ્ટ થવાથી જ્ઞાનનો નાશ થાય છે અને જ્યારે જ્ઞાન નાશ પામ્યું ત્યારે જ્ઞાતા અથવા અપરોક્ષાનુંભવજ્ઞાન કેવી રીતે પ્રાપ્ત થઇ શકે ?

तावद्देहनिरोधःस्यात्यावच्चत्वनविन्दति ।

विदितेचपरेतत्वएकमेवानुपश्यती ॥ ૫૩ ॥

જ્યાં લગી અપરોક્ષજ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં લગી ઇન્દ્રિયોનો સંયમ કરવો જોઇએ. અને જ્યારે ઇન્દ્રિયોના સંયમદ્વારા અખંડ આનન્દ પરમાનન્દની પ્રાપ્તિ થાય કે તેજ સમયે કેવળ ચિદાત્મા દર્શન કરી લેવું જોઇએ.

नवछिद्रान्वितादेहाःस्नुवन्तजालिकाइव ।
नैवब्रह्मनशुद्धस्यात्पुमान्ब्रह्मनविन्दती ॥ ૫૪ ॥

નવ છિદ્રવાળો દેહ જ્યાં લગી જ્ઞાનની અવગણના કરે છે ત્યાં લગી તેને વિષય વાસના જતી નથી, તેમ શુદ્ધ પણ થતો નથી, અને તેથી સુખ દુઃખનો અભિમાની જીવાત્મા પણ આત્માનો અનુભવ કરી શકતો નથી.

अत्यन्तमलिनोदेहोदेहीत्वत्यन्तनिर्मलः ।
उभयोरन्तरम्ज्ञात्वाकस्यशौचंविधीयते ॥ ५५ ॥

જડત્વ ભાવવાળો આ પંચભૌતિક દેહ અતિ મલિન છે. વળી અહંકારના ઉપાધિરૂપ સંસારમાંથી રહિત થવાના હેતુવાળો જે દેહી–આત્મા અત્યન્ત નિર્મળ છે. એ બન્નેનાં સ્વરૂપનો અન્તર જાણવાવાળો પુરૂષ શૌચાશૌચઆદિ વિધિથી કદી ક્ષેપાતો નથી, કેમકે જડરૂપ શરીરની શુદ્ધિ કદિ થઇ શકતી નથી, ને આત્મા તો સદા શુદ્ધજ છે તો શુદ્ધિ કોની કરવાની છે તે વિચાર કરવો અવશ્ય છે.

इति श्री ब्रह्माण्ड पुराणे श्री मदुत्तरगीतायां सुबोधेऽनुवादे प्रथमोध्यायः ॥ १ ॥

। અર્જુનઉવાચ ।

જ્ઞાત્વાસર્વગતંબ્રહ્મસર્વજ્ઞંપરમેશ્વરમ્ ।
અહંબ્રહ્મેતિનિર્દેષ્ટુઃપ્રમાણંતત્રકિંભવેત્ ॥ ૧ ॥

અર્જુન પૂછે છે કે હે ભગવન્! એ પરબ્રહ્મને **તત્વમસિ**। આદિ મહા વાક્યદ્વારા,-એ મહા વાક્યના વિચારદ્વારા સર્વત્ર અર્થાત્ સર્વના સાક્ષીરૂપ, તથા સર્વત્ર પરિપૂર્ણ જાણીને **અહંબ્રહ્મેતિ**। અર્થાત્ હુંજ બ્રહ્મ છું એ અર્થનો પ્રતિપાદન કરનાર તથા એ અર્થના પ્રતિબિમ્બવાળો આત્મા-જીવ-બ્રહ્મરૂપ થાય છે તો પછી એ પરમાત્મા તથા જીવ એ બન્નેને એકરૂપ જાણવાનું બીજું શું પ્રયોજન છે તે કૃપા કરી આપ ગને કહો.

। श्रीभगवानउवाच ।

यथाजलेजलंक्षिप्तंक्षीरेक्षीरंघृतेघृतम् ।
अविशेषोभवेत्तत्वेजीवात्मपरमात्मनोः ॥ २ ॥

જેમ ગંગાજીમાંથી એક લોટા-વા-ઘડો ભરીને પાણી દૂર રાખીએ તો ગંગાજીના તથા ઘડાના જળમાં ફેર પડી જાય છે. અને એ ભેદ યુક્ત ઘડામાંના જળને પાછું ગંગાજીમાં રેડી દઇએતો તે જળ પાછું ગંગાજીના જળમાં મળી જાય છે, તે પ્રમાણે ક્ષીરમાં ક્ષીર તથા ઘીમાં ઘી પણ મળી જાય છે તેમ અવિદ્યારૂપ ઉપાધિનો નાશ થવાથી જીવાત્મા પણ પરમાત્મા જેડે એકત્ર થઇ જાય છે.

जीवेपरेणतत्त्दात्म्यंसर्वगंजोतिरीश्वरः ।
प्रमाणलक्षणैर्ज्ञेयंस्वयमेकाग्रवेदिना ॥ ३ ॥

તત્વજ્ઞાનના અધિકારી બ્રહ્મનિષ્ઠ તથા શાન્ત લોક સદ્‌ગુરૂના ઉપદેશદ્વારા **तत्वमसी** એ વાક્યની પેઠે સર્વ ભૂત પ્રાણી જે ઉત્પન્ન થયાં છે તેને સર્વજ્ઞ તથા સર્વવિત્ બ્રહ્માદિ ઉપનિષદોદ્વારા જીવ તથા પરમાત્મા એકરૂપ છે એવો બોધ થવાથી તેઓ જ્યોતિર્મય ચિદાત્મારૂપ તથા સ્વયંપ્રકાશમાન થઇ જાયછે.

। अर्जुनउवाच ।

ज्ञानेनैवभवेत्ज्ञेयंविदित्वात्क्षणेनतु ।
ज्ञानमात्रेणमुच्येताकिम्पुनर्योगधारणम् ॥ ४ ॥

હે ભગવન્! જ્ઞેય–એક પ્રશ્નનો વિચાર જે કે ગુરૂના ઉપદેશરૂપ જ્ઞાનદ્વારા પ્રાપ્ત થાય છે, અને એવો વિચાર દૃઢ થયો કે તુરતજ મુક્ત થવાય છે તો કર્મ તથા યોગાભ્યાસ કરવાનું પછી શું પ્રયોજન છે?

। श्रीभगवानउवाच ।

ज्ञानेनदीपितेदेहेबुद्धिब्रह्मसमन्विता ।
ब्रह्मज्ञानाग्निनाविद्वन्निर्दहेत्कर्मबन्धनम् ॥ ५ ॥

હે અર્જુન! વિદ્વાન્–નિત્ય અનિત્ય વસ્તુનો વિવેકી તત્વજ્ઞાનદ્વારા શરિર શુદ્ધ હોવાથી નિશ્ચયાત્મક જે બુદ્ધિ તેને બ્રહ્મજ્ઞાનરૂપી અગ્નિથી કર્મરૂપ બન્ધનને બાળી નાંખે છે.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં પણ કહ્યું છે કેઃ–

ज्ञानाग्निःसर्वकर्माणिभस्मसात्कुरुतेऽर्जुन ॥ मी.अ. ४ श्लो. ३७

હે અર્જુન ! જ્ઞાનાગ્નિ સર્વ કર્મને ભસ્મ કરી નાંખે છે અર્થાત્ જ્યાં સુધી તત્વજ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં લગી કર્મ કરવાં અવશ્ય છે.

ततःपवित्रपरमेश्वराख्यमद्वैतरूपंविमलाम्बराभम् ।
यथोदकेतोयमनुप्रविष्टंतथात्मरूपानिरूपाधिसंस्थितः॥६

ઉપાધિ રહિત-નિર્મળ જળના જેવો જે પરમેશ્વર તથા મળ રહિત આકાશના જેવો અદ્વૈત-સંગ રહિત જે પરમાત્મા છે તે આત્મતત્વજ્ઞાનથી પર ઉપાધિ રહિત તથા નિષ્ક્રિય અ

ન્ય છે અર્થાત્ આવા તત્વની પ્રાપ્તિ થયા પછી કાંઇ પણ કર્મ કરવાની આવશ્યકતા રહેતી નથી.

आकाशवत्सूक्ष्मशरीरात्मानदृश्यतेवायुवदन्तरात्मा ।
सबाह्यचाभ्यन्तर्निश्चलात्माअन्तर्मुखःपश्यतितत्वमैक्य-
म् ॥ ७ ॥

જેમ આત્મા આકાશની પેઠે સૂક્ષ્મ શરીરવાળો અર્થાત્ અતિ ઇન્દ્રિયવાળો છે તેમજ વાયુની પેઠે ચક્ષુ આદિ ઇન્દ્રિયોવડે અદૃશ્ય છે તેજ પ્રમાણેજ જીવાત્મા પણ અદૃશ્ય છે.

यत्रयत्रमृतोज्ञानीयेनवाकेनमृत्युना ।
यथासर्वगतंव्योमतत्रतत्रलयङ्गतः ॥ ८ ॥

જે મહાકાશ સર્વ વસ્તુમાં વ્યાપક છે તે મહાકાશનાશવાન વસ્તુઓનો નાશ થયા પછી મહાકાશમાં મળી જાય છે. તેમ સર્વત્ર પરિપૂર્ણ આત્માના વિશેષ ભાવને જાણવાવાળા પુરૂષો ગમે તે પ્રકારે તથા ગમે તે સ્થળે મૃત્યુ પામે તો પણ તેનો બ્રહ્મમાં લય થાય છે. અને તેથીજ તત્વજ્ઞાનીના મૃત્યુકાળને માટે દેશ, કાળ, આદિનો કાંઇ પણ બાધ રહેતો નથી.

शरीरव्यापिचैतन्यंजाग्रदादिप्रभेदतः ।
नत्वेकदेशवर्तित्वमन्वयव्यक्तिरेकतः ॥ ९ ॥

એકજ જીવ નાના પ્રકારના શરિરમાં ગતિ કરતો હોવાથી પોતે પણ નાના પ્રકારનો થઇ સર્વ વ્યાપિ થયો છે; તથા શરિર વ્યાપિ જે ચૈતન્ય અર્થાત્ જીવ છે તે જાગ્રત, સ્વપ્ન, તથા

સુષુપ્તિ એ ત્રણે અવસ્થાના કારણરૂપ ન રહેતાં સર્વત્ર ભાસી સર્વત્ર ગોચર થાય છે.

। अथयोगप्रकरणारम्भ ।

मुहूर्तमपियोगच्छेन्नासाग्रेमनसासह ।
सर्वंतरतिपापमानंतस्यजन्मशतार्जितम् ॥ १० ॥

જે મનુષ્ય જ્ઞાન સાધનને માટે સમ્પૂર્ણ વિષય સહિત મનને એક ક્ષણવાર નાકની અગ્રિ ઉપર રાખે–અર્થાત્ જે પુરૂષ તત્વજ્ઞાન મેળવવા માટે પોતાની દૃષ્ટિ નાકની અણી ઉપર નિશ્ચલ એક ક્ષણમાત્ર પણ રાખી શકે તેને ખરેખરો યોગી જાણવો. અને તે પોતાના સો જન્મ પર્યન્તના પાપને બાળી ભસ્મ કરી મુક્ત થાય છે.

दक्षिणाङ्गुलानाडिवह्निमण्डलगोचरा ।
देवयानमितिज्ञेयापुण्यकर्मानुसारिणी ॥ ११ ॥

દેહના દક્ષણ ભાગમાં (જમણે ભાગે) પૂણ્ય કર્મને અનુસરનારી તથા સૂર્યમંડલમાં જનારી પિંગલા નામે નાડી છે તેને દેવ યાન–દેવમાર્ગ જનારી જાણવી.

इडाचवामनिःश्वाससोममण्डलगोचरा ।
पितृयानमितिज्ञेयादायमाश्रित्यतिष्ठति ॥ १२ ॥

વામ (ડાબી) નાસિકાદ્વારા ચન્દ્રમંડલમાં જનારી જે પિંગલા નામે નાડી છે તેને પિતૃયાન અર્થાત્ પિતૃ માર્ગે જનારી જાણવી.

गुदस्यपृष्ठभागेस्मिन्त्विनादण्डस्यदेहभृत् ।
दीर्घास्थिमूर्ध्निपर्यन्तम्ब्रह्मदण्डेतिकथ्यते ॥ १.३ ॥
तस्यान्तेशुषिरंसूक्ष्मंब्रह्मनाडीतिसूरिभिः ॥ १.४ ॥

પાછલા ભાગમાં ગુદા અર્થાત્ મૂળાધાર ચક્રના મસ્તક પર્યન્ત જે લાંબુ હાડકું (મરડાની કરોડ) એટલે દંડ છે તેમાં એક સૂક્ષ્મ છિદ્ર છે, એ છિદ્રમાં બ્રહ્મદંડ અર્થાત્ બ્રહ્મ નાડી છે તે નાડીને સુષુમ્ના નાડી કહે છે. એ સુષુમ્ના નાડીદ્વારા બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

इडापिङ्गलयोर्मध्येसुषुम्नासूक्ष्मरूपीणी ।
सर्वमातिष्ठितंयस्मिन्सर्वगंसर्वतोमुखम् ॥ १.५ ॥

ઇડા તથા પિંગલા એ બે નાડીના મધ્યમાં સુષુમ્ના નાડી સૂક્ષ્મરૂપે છે. એ નાડી સર્વવ્યાપિ, વિશ્વમુખી તથા સર્વાત્મક બ્રહ્મની જ્યોતિરૂપ છે, અર્થાત્ એ સુષુમ્ના નાડીદ્વારા બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

तस्यमध्येगताःसूर्यसोमाग्निपरमेश्वरा ।
भूतलोकाःदिशःक्षेत्रंसमुद्राःसर्वताशिला ।
द्विपाश्चनिम्नगावेदाःशास्त्रविद्याकुलक्षराः ।
स्वरमन्त्रपुराणानिगुणाश्चैतानिसर्वगः ।
बीजजीवात्मकन्तेषांक्षेत्रज्ञःप्राणवायवः ।
सुषुम्नान्तर्गतंविश्वंतस्मिन्सर्वप्रतिष्ठितम ॥ १६ ॥

એ સુષુમ્ણા નાડીના મધ્યમાં, સૂર્ય, ચન્દ્ર, અગ્નિ તથા પરમેશ્વર એ ચાર દેવ છે; વળી એના મધ્યમાં પંચભૂત, ચૌદ ભુવન, દશોદિશા, વારાણસી, આદિ ધર્મક્ષેત્ર, સાત સમુદ્ર, સુમેરૂ આદિ મહા પર્વતો, જમ્બુ આદિ સપ્ત દ્વિપ, ગંગા આદિ સાત મહા નદી તથા બીજી નદિઓ, ઋગ્, યજુ, આદિ ચારે વેદ, મિમાંસા આદિ ષટ્શાસ્ત્ર, વિદ્યા, અરાઢે પુરાણ, ક કાર આદિ ચોવિશ વર્ણ, અકાર આદિ સોળ સ્વર, ગાયત્રી આદિ મંન્ત્ર, સત્વ, રજ, તમ, એ ત્રણે ગુણો, મહદાદી બ્રહ્માત્મક જીવ, પ્રાણ આદિ પાંચ વાયુ, નાદાદિ પાંચ વાયુ, એ સર્વ સુષુમ્ણા નાડીના મધ્યમાં છે તેટલા માટેજ આપ્યા જગતરૂપ આ નાડીને જાણવી.

नानानाडीमसवर्गंसर्वभूतान्तरात्मनी ।
ऊर्ध्वमूलमधःशाखंवायुमार्गेनसर्वगम् ॥ १७ ॥

સર્વ પ્રાણીઓના અન્તરાત્મા અર્થાત્ નાના પ્રકારના દેહને લીધે ભિન્નભિન્ન નાડીઓનું ઉત્પત્તિસ્થાન જે સૂત્ર છે તેના ઉપરના ટોચના મૂળમાં પ્રભાનું સ્થાન છે. એ સૂત્રની વચમાં શાખાઓમાં હિરણ્યગર્ભ આદિ છે, અને તે પ્રાણ આદિ વાયુદ્વારા સર્વવ્યાપી થાય છે.

द्विसप्ततिसहस्राणिनाड्यःस्युर्वायुगोचराः ।
कर्ममार्गेणशुषिरास्तिर्यञ्चशुषिरात्मका ॥ १८ ॥

વાયુને અનુકૂળ બહોતેર હજાર નાડીઓ છે. એ નાડીઓ વાયુ માર્ગદ્વારા સમ્પૂર્ણ રીતે કૃતિમય કર્મરૂપ છિદ્રવાળી હોય

છે અને તેથી એ સર્વ નાડીઓ મતિવાળી છે.

अधश्चोर्ध्वमनास्तास्तूनवद्वाराणिरोधयन् ।
वायुनासहजीवोर्ध्वज्ञानीमोक्षमवाप्नुयात् ॥ १९ ॥

અધે બાજેથી ઉપલા ટોચ લગીમાં જે બહોતેર હજાર નાડી છે તેમાં અતી સૂક્ષ્મા તથા સુપ્રસન્ના નામે નાડી છે તેનો લય કરવા સારૂ પ્રાણાયામના અભ્યાસથી દેહના નવે દ્વારને રોકીને જીવને સુષુમ્નાને માર્ગે લઇ જઇ વાયુનો નાશ કરવાથી ઉર્ધ્વજ્ઞાની અર્થાત્ બ્રહ્મપરોક્ષ જ્ઞાની થઇ મોક્ષ પમાય છે— બ્રહ્મ સાક્ષાત્કાર થાય છે.

अमरावतीन्द्रलोकेस्मिन्नासाग्रेपूर्वतोदिशि ॥
अग्निलोकोयत्रज्ञेयश्चक्षुस्तेजोवतीपुरी ॥२०॥

એ સુષુમ્ના નાડીની પૂર્વે નાસિકાના અગ્ર ભાગમાં અમરાવતી અર્થાત્ ઇન્દ્ર લોક છે. તથા દક્ષિણનેત્ર જે તેજોવતી નામે પુરી છે તેજ અગ્નિ લોક છે.

याम्यांसंयमनीश्रोत्रेयमलोकःप्रतिष्ठितः ।
नैऋतोऽस्यतत्पार्श्वेनैऋतोलोकआश्रितः ॥ २१ ॥

દક્ષિણ (જમણા) કાનમાં સંયમની નામે યમલોક છે, અને એ જમણા કાનની પાસે નૈઋતાખ્ય નામે લોક છે.

विभावरीप्रतीच्यान्तुपृष्ठेवारुणिकीपुरी ।
वायोर्गन्धवतीकर्णपार्श्वेलोकःप्रतिष्ठितः ॥ २२ ॥

એ સુષુમ્ના નાડીની પશ્ચિમ દિશાએ (પાછળ વાંસા ઉપર

ડાબી બાજુએ) વિભાવરી નામે વરૂણની પુરી છે. અને ડાબા કાનની પાસે ગન્ધવતી નામે વાયુલોકની પુરી છે.

सौम्यांपुष्पवतीसौम्यासोमलोकस्तुकण्ठतः ।
वामकर्णेतुविज्ञेयादेहमाश्रित्यतिष्ठती ॥ २३ ॥

કંઠના ઉપરના ભાગમાં કંઠથી ડાબા કાન લગી વામદેહ (ડાબા પાસા) નો આશ્રય કરીને કુબેર સંબન્ધિ પુષ્પવતી નામે સોમ લોક છે.

वामचक्षूषिचैशानीशिवलोकोमनोन्मनी ।
मूर्ध्निब्रह्मपुरीज्ञेयाब्रह्माण्डंदहसंश्रितम् ॥ २४ ॥

ડાબા નેત્રમાં ઇશાન સમ્બન્ધિ મનોન્મની નામે શિવલોક છે. તથા મસ્તકમાં બ્રહ્મપુરી નામે બ્રહ્મલોક છે, તેટલા માટે

આ જગતમાં ઉત્પન્ન થયેલો દેહ જેજ આત્મા બ્રહ્માણ્ડના આ-
શ્રયરૂપ છે.

पादादधःस्थितोनन्तःकालग्निःप्रलयात्मकः ।
अनामयमथश्चोर्ध्वंमध्यमन्तर्बहिःशिवम् ॥ २५ ॥

પ્રલય કાળના કાળાગ્નિરૂપ જે શિવ છે તેનું સ્થાન પગને
તળીએ છે અને એજ શિવ, અધો, મધ્ય, અન્દર, તથા બ-
હાર અર્થાત્ આખા શરિરમાં મંગળાત્મક એટલે કલ્યાણકારક છે.

अधःपादेऽतलंविद्यात्पादश्चावितलंविदुः ।
नितलंपादसन्धिन्तुसुतलंजङ्घउच्यते ॥ २६ ॥

પગની પાનીના નિચલા ભાગને એટલે તળીઆંને અતલ
કહે છે. પગની પાટલી ઉપલા ભાગને વિતલ કહે છે. પગની

ધુંટીના ઉપલા ભાગને નિતલ જાણવો. તથા ધુંટણ સમીના નળાને સુતલ જાણવો.

महातलंहिजानुःस्यात्उरुदेशेरसातलः ।
कटिस्तलातलंप्रोक्तंसप्तपातालसंज्ञया ॥ २७ ॥

જાંઘને મહાતલ જાણવો; સાયળને રસાતળ, તથા કેડને તળાતળ જાણવાં. એ પ્રમાણે સાત પાતાળની સંજ્ઞાદ્વારા આ શરિર જાણવું.

कालाग्निनरकंघोरंमहापातालसंज्ञया ।
पातालंनाभ्यधोभागेभोगीन्द्रफणिमण्डलम् ।
वेष्टितःसर्वतोऽनन्तःसविभ्रज्जीवसंज्ञकः ॥ २८ ॥

કાળાગ્નિના જેવું ઘોરનર્ક તથા સર્પના સ્થાન ૨૫,જે મહા પાતાલ છે તે નાભીની નીચે પાતાળના નામથી ઓળખાયછે. અને જીવ સંજ્ઞાવાળો જે સર્પ છે તે કુંડળાકાર થઇને આખા શરીરમાં વ્યાપ્ત છે.

भूर्लोकंनाभिदेशेतूभुवर्लोकंतुकुक्षितः ।
हृदयंस्वर्गलोकंतुसूर्यादिग्रहनारकम् ॥ २९ ॥

નાભિ સ્થાનમાં ભૂર્લોક, કાખમાં ભુવર્લોક તથા હૃદયમાં સૂર્યાદિગ્રહ અને તારાઓ સહિત સ્વર્ગ લોક છે.

सूर्यसोमसुनक्षत्रम्बुधशुक्रकुजाङ्गिराः ।
मन्दश्चसप्तमोज्ञेयोध्रुवोऽन्तःसर्वलोकतः ।
हृदयेकल्पयेद्योगीतास्मिन्सर्वसुखंलभेत् ॥ ३० ॥

યોગીલોક પોતાના હૃદયમાં સૂર્યલોક, ચન્દ્રલોક, નક્ષત્રલોક, બુધલોક, શુક્રલોક, કુજલોક, તથા મન્દલોક, એ સાત લોક તથા ધ્રુવલોકની કલ્પના કરે છે અને એ કલ્પનાદ્વારા સમ્પૂર્ણ સુખની પ્રાપ્તિ કરે છે.

हृदयस्येमहर्लोकंजनलोकन्तुकण्ठतः ।
तपोलोकंभ्रुवोर्मध्येमूर्ध्निसत्वंप्रतिष्ठितम् ॥ ३१ ॥

આ પ્રકારે યોગિયોના હૃદયમાં મહર્લોક, કંઠમાં જનલોક, ભૃકુટીમાં તપલોક, તથા મસ્તકમાં સત્યલોક પ્રતિષ્ઠિત થયલા છે.

ब्रह्माण्डरूपिणीपृथ्वीतोयमध्येविलीयते ।
अग्निनापच्यतेतत्वंवायुनाग्रस्यतेनलः ॥ ३२ ॥
आकाशस्तुपिबतेवायुंमनआकाशमेवच ।

बुध्यहंकारचित्तञ्चक्षेत्रज्ञंपरमात्मनी ॥ ३३ ॥
अहंब्रह्मेतिमाध्यायेदेकाग्रमनसाकृतम् ।
सर्वंतरतिपाप्मानंकल्पकोटिशतैकृतम् ॥ ३४ ॥

બ્રહ્માણ્ડરૂપી પૃથ્વી જળમાં લીન થાય છે, એ જળ અગ્નિમાં લીન થાય છે, એ અગ્નિ વાયુમાં લીન થાય છે, વાયુ આકાશમાં લીન થાય છે, આકાશ મનમાં લીન થાય છે, મન બુદ્ધિમાં લીન થાય છે, બુદ્ધિ અહંકારમાં લીન થાય છે, અહંકાર ચિત્તમાં લીન થાય છે, અને ચિત્ત પરમાત્મામાં લીન થાય છે. એ પ્રમાણે યોગાભ્યાસદ્વારા એક બ્રહ્મને જાણવાવાળા પુરૂષો કરોડો કલ્પ પર્યન્તનાં થયલાં પાપનો નાશ કરે છે અને એ પ્રમાણે હે અર્જુન ! યોગિયો બ્રહ્મરૂપ જે હું તે મારૂં એકાગ્રચિત્તે ધ્યાન ધરતાં કોટી કલ્પના પાપથી મુક્ત થાય છે.

घटसंवृत्तमाकाशंलीयमानंयथाघटे ।
घटेनष्टेमहाकाशंतद्वज्जीवःपरमात्मनी ।। ३५ ।।

ઘડામાં રહેલું આકાશ જ્યાંલગી ઘડો રહે છે ત્યાંલગી ઘડામાં રહે છે. પણ જ્યારે ઘડો ભાગી જાય છે ત્યારે તે આકાશ મહાકાશમાં મળી જાય છે, તેજ પ્રમાણે દેહમાં લીન થયેલો જે જીવ છે તે દેહ પડેછે ત્યારે પરમાત્મામાં મળી જાયછે.

घटाकाशमिवात्मानंविलयंवोत्तितत्वतः।
सगच्छतिनिरालम्बज्ञानालोकयन्नसंशयः ।। ३६ ।।

ઘટાકાશની પેઠે જેણે યથાર્થ રીતે જીવાત્માનો પરમાત્મામાં લય કર્યો છે તેનેજ નિઃસંગ બ્રહ્મ તથા પ્રકાશાત્મક તત્વની પ્રાપ્તિ થાય છે, એમ હે પાર્થ! નિશ્ચય પૂર્વક માન, એમાં કાંઈ સંશય રાખવો નહીં.

तपेद्वर्षसहस्राणिएकपादस्थितोनरः ।
एकस्थध्यानंयोगस्थकलानार्हन्तिषोडशीं ।
ब्रह्महत्यासहस्राणीभ्रूणहत्याशतानिच ।
एकोहिध्यानयोगश्चदहत्याग्निरिवेन्धनम् ।
आलोच्यचतुरोवेदान्धर्मशास्त्राणिसर्वदा ।
योहंब्रह्मनजानातिदर्वीपाकरसंयथा ॥ ३७ ॥
यथाखरश्चन्दनभारवाहीभारस्यवेत्तानतुचन्दनस्य ।
तथैवशास्त्राणिबहुन्यधीत्यसारम्नजानंखरवत्वहेत्स॥३८॥

જો કોઇ પુરૂષ એક પગે ઉભો રહી એક હજાર વર્ષ લગી તપ કર્યાં કરે તોપણ તેનું ફળ ધ્યાન યોગના સોળમા ભાગ

જેટલું પણ તેને મળતું નથી. જેમ, અગ્નિ કાષ્ટાદિને બાળી ભસ્મ કરી નાખે છે તેમ, ધ્યાનયોગ હજાર હજાર બ્રહ્મહત્યાના પાપને તથા સો સો ભ્રુણહત્યા-ગર્ભપાતની હત્યાને બાળી ભસ્મ કરી નાખે છે. જે મનુષ્ય હંમેશાં ચારે વેદ તથા ધર્મશાસ્ત્રનું અવલોકન કરે છે તથાપિ સચ્ચિદાત્માને જાણી શકતો નથી તો તેનું શાસ્ત્રનું અધ્યયન, જે પ્રમાણે ગધેડો ચન્દનનો ભાર ઉંચકીને માત્ર બીજાને ઉંચકવાનાજ કામમાં આવે છે પણ તે ચન્દનની સુગન્ધને લેશ માત્ર પણ જાણી શકતો નથી એવી રીતે શાસ્ત્રાધ્યાયી (ભણનાર) થઇને બ્રહ્મને ઓળખતો નથી, તે માત્ર ગધેડાના જેવું જેવોજ છે, ભાર વહનાર ગધેડાના જેવુંછે.

अनन्तंकर्मशौचञ्चतपोयज्ञमुखैवच ।
तीर्थयात्रादिगमनंयावत्तत्वंनाविन्दती ॥ ३९ ॥

જ્યાં લગી જ્ઞાન લાભ થાય નહીં ત્યાં લગી અનેક પ્રકારનાં કર્મ, શૌચાદિ, તપ, યજ્ઞ, તીર્થ યાત્રા આદિ મનુષ્યે કરવાં અવશ્યછે.

स्वयमुच्चलितेदेहेअहंब्रह्मत्रसंशयी ।
चतुर्वेदोधरोविप्रःसूक्ष्मंब्रह्मनविन्दती ॥ ४० ॥

શરિરવડે પોતે ગતીવાળો, તથા **અહંબ્રહ્મ** । અર્થાત્ હુંજ બ્રહ્મછું એવા જ્ઞાનગાં જે બ્રાહ્મણ સંશય રાખે છે તે ચારે વેદનો જ્ઞાતા છતાં પણ જ્ઞાનનો તેને કાંઇ પણ લાભ થતો નથી.

गवामनेकवर्णानांक्षीरस्यादेकवर्णतः ।
क्षीरवद्दश्यतेज्ञानंदेहानांचगवांयथा ॥ ४१ ॥

ગાયો અનેક વર્ણ–રંગની હોય છે છતાં તેમનું દૂધ તો એકજ વર્ણનું હોય છે. તેમ પ્રત્યેક મનુષ્યના દેહ જૂદા જૂદા

છતાં આત્મા તો સર્વમાં એકજ છે એમ જાણવું અવશ્ય છે.

अहारनिद्राभयमैथुनञ्चसामान्यमेतत्पशुभिर्नराणाम् ।
ज्ञानंनराणामधिकोविशेषोज्ञानेनहीनापशुभिःसमानः॥

मातर्मूत्रपुरीषाभ्याम्मध्यान्हेक्षुत्पिपासया ।
वृत्साःकामेनवाध्यन्तेचान्तेवानिशिनिद्रया ॥४३॥
नादाबिन्दुसहस्राणिजीवकोटिशतानिच ।
सर्वेचभस्मनिधूतंयत्रदेवोनिरञ्जनः ॥ ४४ ॥
अहंब्रह्मेतिनियतोमोक्षहेतूर्महात्मनाम् ॥ ४५ ॥

અહાર, નિદ્રા, ભય, તથા મૈથુન જેમ મનુષ્યોમાં છે તેમ પશુઓમાં પણ છે તથાપિ, એક, તત્વજ્ઞાન જે મનુષ્યમાં છે

તે પશુઓમાં નથી; તેટલાજ માટે જે મનુષ્યમાં તત્વજ્ઞાન નથી હોતું તેને પશુના જેવોજ જાણવો.

જે મનુષ્ય પ્રાતઃકાળે મળમૂત્ર ત્યાગ કરે છે, તથા મધ્યાને ક્ષુધા તથા તૃષાવાન થવાથી ભોજનઆદિ દ્વારા તૃપ્ત થઇ-કામ-અર્થાત્ મૈથુનાભિલાષિ-વિષયાસક્ત થાય છે, અને પછી શયન કરે છે-ઉંઘે છે, એ પ્રમાણે પશુઓ પણ કરે છે.

જેમાં હુલ્લરો નાદ બિન્દુ તથા કરોડો જીવ હંમેશાં નાશ પામે છે, અને તેમાં ગયાથી તેનો તેમાં લય થઇ જાય છે, તેજ સ્વયંપ્રકાશ, નિરંજન બ્રહ્મ છે.

તેટલા માટે હે અર્જુન! એવો બ્રહ્મ હુંજ છું-એવું જ્ઞાન જે મહાત્માને નિશ્ચય પૂર્વક થાય છે તેનેજ મોક્ષ પદની પ્રાપ્તિ થાય છે.

द्वेषदेबन्धमोक्षायनिर्ममेतिममेतिच ।
ममेतिबध्यतेजन्तुर्निर्ममेतिविमुच्यते ॥ ४६ ॥

મમત્વભાવ તથા મમત્વભાવનું રહિતપણું અર્થાત્ હું તથા મારૂં (અંહંકૃતિ) અને અહંકાર રહિતપણું, એ બન્નો બન્ધ તથા મોક્ષના માર્ગ છે. અર્થાત્ મમત્વભાવ બન્ધનું કારણ છે અને નિર્મમત્વભાવ–મમત્વભાવ રહિતપણું મોક્ષદાયક છે

मनसोह्युन्मनीभावात्द्वैतंनैवोपपद्यते ।
पदायात्युन्मनीभावंतदातत्परमंपदम् ॥ ४७ ॥

મનમાંથી અહંકારનો ત્યાગ થયા પછી દ્વૈત ભાવના રહેતી નથી. અને જ્યારે અહંકાર રહિત થવાય છે ત્યારેજ પરમપદ અર્થાત્ મોક્ષ પ્રાપ્ત થાય છે.

हन्यान्मुष्टिभिराकाशंक्षुधार्तःकुन्तुयेतुषम् ।
नाहंब्रह्मेतिजानातितस्यमुक्तिर्नविद्यते ॥ ४८ ॥

વેદાન્તશાસ્ત્રનો સંપૂર્ણ અભ્યાસ કર્યા પછી જેને "હું બ્રહ્મ છું." એવું જ્ઞાન પ્રાપ્ત થયું નહીં તેનો સર્વ શાસ્ત્રનો અભ્યાસ નિષ્ફળ છે, અને તેને મુક્તિ પણ કદી મળતી નથી. જેમ આકાશમાં મુક્કી મારવી એ માત્ર હાથ ભાંગીને દુઃખ પામવું એજછે તથા ભૂખ્યો માણસ ચોખા મેળવવાની આશાએ ફુસકાં ખાંડે તો તેમાંથી ચોખા કદાપિ મળતા નથી તેજ પ્રમાણે કેવળ શાસ્ત્રના અધ્યયન દ્વારા કદાપિ મોક્ષ કોઈકાળે મળતો નથી.

इतिश्रीब्रह्माण्डपुराणेश्रीमदुत्तरगीतायांसुबोधेऽनुवादे द्वितीयोध्यायः ॥ २ ॥

श्रीभगवानउवाच

अनन्तशास्त्रंबहुवेदितव्यंस्वल्पश्चकालोबहवपश्चविघ्ना ।
यत्सारभूतंतदुपासितव्यंहंसोयथाक्षीरामिपाम्बुमिश्रम् १.

શ્રીભગવાન કહે છે કે શાસ્ત્રનો અન્ત નથી. કોઇ પુરૂષ દીર્ઘકાળ પર્યન્ત શાસ્ત્રનો અભ્યાસ કરે તોપણ તે શાસ્ત્રોનું તાત્પર્ય જાણતાં તેને અનન્તકાળ જોઇએ, અર્થાત્ સર્વ શાસ્ત્રનું તાત્પર્ય યથાસ્થિત તેના જાણવામાં આવતું નથી. મનુષ્યનું આયુષ્ય ઘણુંજ ટુંકુંછે અને તેમાં પણ અનેક પ્રકારનાં વિઘ્નો આવ્યાં કરેછે. એટલાજ માટે હે પાર્થ! જેમ હંસ પાણીની જોડે મેળવેલા દૂધમાંથી પાણી કઢાડી નાખી માત્ર દૂધજ પીએછે તેમ એ પ્રાજ્ઞ જે સર્વ શાસ્ત્રોના સારરૂપછે તેની ઉપાસના કરવી અવશ્યછે.

पुराणंभारतंवेदाःशास्त्राणिविविधानिच ।
पुत्रदारादिसंसारोयोगाभ्यासस्यविघ्नकृत् ॥ २ ॥

પુરાણ, ભારત, વેદ, આદિ, વિવિધ પ્રકારનાં શાસ્ત્રો, પુત્ર, સ્ત્રી આદિ પ્રભૃતિરૂપ જે સંસાર છે તે સર્વ યોગાભ્યાસના વિઘ્નરૂપ છે.

इदंज्ञानमिदंज्ञेयंयत्सर्वंज्ञातुमिच्छसी ।
अपिवर्षसहस्रायुःशास्त्रान्तन्नाधिगच्छसी ॥ ३ ॥

હે અર્જુન ! કદાપિ તું એમ કહે કે આ જ્ઞાન છે, તથા પેલું જ્ઞેય (જાણવા યોગ્ય) છે. અને એ સર્વ સંપૂર્ણ રીતે હું જાણું છું, તો, એક હજાર વર્ષનું આયુષ્ય પૂરૂં થઇ જાય તો પણ શાસ્ત્રનો અન્ત (પાર) કોઇ પણ પામી શકતું નથી.

विज्ञेयोऽक्षरसन्मात्रोजिवितंचापिचञ्चलम् ।
विहायसर्वशास्त्राणियत्सत्यंतदुपास्यताम् ॥ ४ ॥

એટલા માટે સર્વશાસ્ત્રનો ત્યાગ કરીને સત્માત્ર એટલે કેવળ સત્ય તથા અવિનાશિ જે આત્મા છે તેને ઓળખવો. આ જીવિત અતિચંચળ છે તેટલા માટે વૈરાગ્યનો અર્થ જે સત્ય પરમાત્મા તેનીજ ઉપાસના કરવી એ સર્વશાસ્ત્રનો સાર છે.

વૈરાગ્યનો અર્થ એવો નથી કે ઘર બહાર છોડી દઇ, દેશ પરદેશ અથવા જંગલમાં તથા પહાડોમાં ભટકવું. પરન્તુ સર્વ મનુષ્યોમાં અર્થાત્ આ સંસારમાં રહીનેજ સર્વ સંસારિક વસ્તુઓમાં મોહ રહિત થઇ તેમનાથી વિરક્ત રહેવું અર્થાત્ આક્ષણિક સંસારિક વસ્તુમાં લોભાઇ જઇ તેમાં મોહ રાખવો નહીં, એવો ત્યાગ તેને વૈરાગ્ય કહે છે–જેવા કે જનક રાજા ઇત્યાદિ.

पृथिव्यांयानिभूतानिजिह्वोपस्थनिमित्तकम् ।
जिह्वोपस्थपरित्यागेप्रथिव्यांकिम्प्रयोजनम् ॥ ૬॥

પૃથ્વી ઉપર જેટલી વસ્તુ છે તે સર્વ જીભ ગ્રહણ કરે છે. અને ઉપસ્થ તેનો ત્યાગ કરે છે. ત્યારે એ જીભ તથા ઉપસ્થ એ બન્નેનો અર્થાત્ એ બન્નેના કર્મનો જ્યારે ત્યાગ થાય ત્યારે પછી પૃથ્વીનું શું પ્રયોજન રહે ? અર્થાત્ જ્યારે પૃથ્વીનું કાંઇ પ્રયોજન રહ્યું નહીં ત્યારે તેજ વેળા વૈરાગ્યનો અંકુર મનમાં આપોઆપ એની મેળેજ ફૂટી આવે છે.

तीर्थानितोयरूपाणिदेवान्पाषाणमृण्मयान् ।
योगिनोनप्रपद्यन्तेआत्मध्यानपरायणः ॥ ૬ ॥

આત્માનું ધ્યાન ધરનારા યોગીઓ જળરૂપી તીર્થ અથવા

પાષાણ, કે, મૃત્તિકા આદિરૂપ દેવતાની પાસે પણ જતા નથી તેમ તેની પૂજા અર્ચાપણ કરતા નથી.

अग्निर्देवोद्विजातीनांमुनिनांहृदिदैवतम् ।
प्रतिमास्वल्पबुद्धिनांसर्वत्रसमदर्शिनम् ॥ ७ ॥

દ્વિજાતી અર્થાત્ કર્મકાંડ કરનારા બ્રાહ્મણોને તેમના દેવતા (પૂજ્ય) રૂપ અગ્નિ છે. મનનશીલ એટલે વિચાર કરનારા–વ્યક્તિવાળા મુનીઓને તેમના દેવતારૂપ તેમના હૃદય કમળમાં રહેલો આત્મા છે. અને સર્વત્ર સામાન્ય બુદ્ધિવાળાઓને પ્રતિમારૂપ દેવ છે. તથા સર્વત્ર સમદર્શી યોગિયોને શ્રુતિ પ્રમાણે **सर्वंब्रह्मेति** । અર્થાત્ સર્વાત્મક અને સર્વત્ર અને સર્વ વ્યાપિ બ્રહ્મરૂપ દેવ છે.

सर्वत्रावस्थितंशान्तंनप्रपश्येज्जनार्दनम् ।
ज्ञानचक्षुर्विहीनत्वादन्धःसूर्यमिवोदितम् ॥ ८ ॥

જેમ આંધળો માણસ સૂર્યનો પ્રકાશ દેખતો નથી તેમ અજ્ઞાની માણસ સદા શાન્ત એવા જનાર્દન ભગવાન, તેનું દર્શન કરી શકતો નથી. તેટલા માટે પ્રત્યેક મનુષ્યે સમદર્શી યોગી થવાની ઇચ્છા રાખી મન શુદ્ધ કરવું; તો જ્ઞાનચક્ષુ-અન્તરચક્ષુ પોતાની મેળેજ ખુલી જશે.

यत्रयत्रमनोयातितत्रतत्रपरम्पदम् ।
तत्रतत्रपरम्ब्रह्मसर्वत्रसमवास्थितम् ॥ ९ ॥

શ્રીકૃષ્ણ ભગવાન હવે યોગિયોની દૃષ્ટિનું વર્ણન કરે છે—જ્યાં જ્યાં યોગી લોકનું મન જાય છે ત્યાં ત્યાં સર્વ સ્થળ

પરમપદયુક્ત અર્થાત્ સર્વોત્કૃષ્ટ સ્થાન તેમને મળે છે, કારણ કે આત્મા એ સર્વત્ર પરીપૂર્ણ છે.

दृश्यन्तेदृशिरूपाणीगगनंभान्तिनिर्मलम् ।
अहमित्यक्षरम्ब्रह्मपरमंविष्णूसमव्ययम् १० ॥

સર્વોત્કૃષ્ટ, ક્ષયરહિત, તથા અવ્યય એવા જે વિષ્ણું અર્થાત્ પરમાત્મા છે તેજ હું છું. યોગિ લોકો એ વિષ્ણુંની ભાવના અર્થાત્ ધ્યાન ધરેછે. એ વિષ્ણુંને સમ્બન્ધે નામ રૂપાત્મક જે સર્વજ્ઞેય વસ્તુ છે તે જ્ઞાન ચક્ષુદ્વારા પ્રત્યક્ષ રૂપે પ્રકાશમાન થાયછે. જે પ્રમાણે નિર્મળ આકાશ પ્રત્યક્ષ છે તેમ.

अहमेकमिदंसर्वमितिपश्येत्परंसुखम् ।
दृश्यतेतत्स्वगाकारंखगाकारंविचिन्तयेत् ॥

सकलंनिष्कलंब्रह्ममासद्वाराविनिर्गतम् ।
अक्षयंनित्यनिर्वाणंपरमंविष्णूसमव्ययम् ॥
सर्वज्योतिराकारंसर्वभूताधिवासितम् ।
सर्वत्रपरमात्मानंब्रह्मात्मापरमात्मना ॥ ११ ॥

ચરાચર બ્રહ્માણ્ડમાં સર્વ હુંજ છું, એ પ્રમાણે જાણનારો યોગી પરમ સુખી છે. તથા જ્યોતિમય, સર્વ ભૂત પ્રાણીમાં નિવાસ કરી રહેલા, અવ્યય, મુક્તિના સાધનરૂપ, મોક્ષ માર્ગદ્વારા જેને પામી શકાય એવા, તથા કલાતીત-(સર્વ કલાથીપર ન્યારા) એવા જે પરમાત્મા તેની બ્રહ્માકાર અર્થાત્ હંસરૂપે ભાવના એટલે ચિન્તવન કરવું.

अहंब्रह्मेतियःसर्वंविजानातिनरःसदा ।

हन्यात्स्वयंमप्यान्कामान्सत्वाशीसर्वविक्रयी ॥१२॥

જે મનુષ્ય સકળ બ્રહ્માણ્ડને સદા બ્રહ્મમય જાણેછે-બ્રહ્મજ છે એમ જાણે છે, તેને નિષિદ્ધ અન્નનું ભોજન મળે તો પણ તેમજ કદાચ તે નિષિદ્ધ દ્રવ્યની ચોરી કરે તો પણ તે આ, કામાદિ શત્રુઓનો પરાજય કરી નિષ્પાપ-પાપરહિત થાય છે.

निमिषंनिमिषार्धंवायत्रातिष्ठन्तियोगिनः ।
तत्रतत्रकुरुक्षेत्रंप्रयागोनैमिषंवनम् ।
निमिषंनिमिषार्धंवाप्राणिनोऽध्यात्मचिन्तका ।
क्रतूकोटिसहस्राणांध्यानमेकोविशिष्यते ॥ १३ ॥

જે સ્થાનમાં અધ્યાત્મ યોગીલોક નિમિષ માત્ર અથવા અડધો નિમિષ માત્ર પણ વાસ કરે તે સ્થાન કુરૂક્ષેત્ર, પ્રયાગ અથવા

નિમિષારૂપ્ય તુલ્યછે. એટલા માટેજ ક્ષણ માત્ર પણ અધ્યાત્મ ધ્યાન ધરવાથી કરોડો યજ્ઞ કરતાં પણ વિશેષ ફળ પ્રાપ્ત થાયછે.

ब्रह्मज्ञानान्यदस्तिनिर्देहेत्पुण्यपापकौ ।
मित्रामित्रंसुखंदुःखंमिष्टानिष्टंशुभाशुभम् ।
एवंमानापमानश्चतथानिन्दाप्रशंसनम् ॥ १४ ॥

ઉપર કહેલ્લો યોગી બ્રહ્મજ્ઞાનરૂપી અગ્નિદ્વારા પાપ તથા પુણ્ય બંન્નેને બાળી ભસ્મ કરી નાખે છે, તથા જેને શત્રુ, કે, મીત્ર, સુખ, કે, દુઃખ, શુભ, કે, અશુભ, માન, કે, અપમાન, તથા નિન્દા, કે, સ્તુતિ એ સર્વ સમાન છે તે ન પાપ અથવા પુણ્ય ક્યાંછે અર્થાત્ તેને પાપ અથવા પુણ્ય કશાનું લેપન નથી.

शताछिद्रान्विताकन्थाशीताशीतनिवारणम् ।

अचलोकेशवेभक्तिविभवैःकिम्प्रयोजनम् ॥ १५ ॥

હે અર્જુન ! જે મનુષ્યને કેશવ ભગવાનની અચલ ભક્તિ પ્રાપ્ત થાય છે તેને ટહાડ તથા તડકાનું દુઃખ નિવારણ કરવાને, જીણાંઝીણાં હજારો છિદ્રવાળું લુગડું પણ બસ છે, તથાપિ તેને બીજા કોઇ વૈભવનું કશું પ્રયોજન રહેતું નથી.

भिक्षान्नंदेहरक्षार्थंवस्त्रंशीतनिवारणम् ।
अश्मानश्चहिरन्यञ्चशाकशाल्पोदन=तथा ।
समानंचिन्तयेद्योगीयदिच्चि=न्नापेक्षते ॥ १६ ॥

યોગી લોક મોક્ષની ઇચ્છા કરે તો તેને યોગ્ય છે કે વિષયની ચિન્તાનો ત્યાગ કરી દેહના રક્ષણ જેટલું ભોજનને માટે ભિક્ષાન્ન તથા ટહાડ નિવારણ કરવાને માટે માત્ર એક

વસ્ત્ર તેમણે મેળવી પથ્થ તથા સોનું અને લીલું તથા સુકું અન્ન ઇત્યાદિ સમાન ગણવાં.

भूतवस्तुन्यशोचित्वेपुनर्जन्मनाविद्यत ॥ १७ ॥

જે મનુષ્ય ખોવાયલી વસ્તુનો શોક કરતો નથી, તથા પ્રાપ્ત થયેલી વસ્તુથી ખુશ થતો નથી તેને પુનર્જન્મ પ્રાપ્ત થતો નથી—અર્થાત્ વસ્તુના લાભ, વા, અલાભથી તેને સારૂ શોક કરવો યોગ્ય નથી કારણ કે એ પ્રમાણે શોક કરવાથી અન્તકાળે તેવી ગતિ પ્રાપ્તિ થાય છે માટે શોકનો હમેશાં ત્યાગજ કરવો.

इतिश्रीब्रह्माण्डपुराणेश्रीमदुत्तरजीतायांसुबोधऽनुवादे तृतियोध्यायः ॥ ३ ॥ छ ॥ छ ॥ छ ॥

આ ચોપડીના ભાષાંતર કરનાર,
ય. ર. દ્વિવેદી ઓરપાડ.
છપાવી પ્રસિદ્ધ કરનાર.
બુકસેલર. મગનલાલ દેવચંદ.
ઠેકાણું કાળુપર જાંપડાની પોળ.

સને ૧૮૫૭ ના ૨૫ મા આક્ટ પ્રમાણે હક્ક પ્રસીદ્ધ કર્ત્તાએ
પોતાને સ્વાધિન રાખ્યા છે.

અગારે ત્યાં તમામ જાતનાં પુસ્તકો કીફાયત ભાવે
અમારે ત્યાંથી મળશે.
અમદાવાદ વિજય પ્રવર્ત્તક પ્રેસમાં છાપી.
કીંમત ૩. ૦-૮-૦ સંવત ૧૯૫૪. સને ૧૮૯૮.

॥ इति श्री भगवद्गीता ॥

तथा

उत्तर गीता समाप्त.